ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

અસ્માકં વીરા ઉત્તરે ભવન્તુ

વર્ષ : ૧૪ | અંક : ૪૧ | તંત્રી : અરવિંદ કે. રાણા | ● તારીખ : ૧૦-૧૦-૨૦૧૩, ગુરૂવાર | R.N.I. No. GUJGUJ/2000/1951 | ● કિંમત : રૂા. ૪.૦૦ | ● પાના : ૪

શ્રી મંગલ ભાનુશાલી દ્વારા લિખિત 'સશસ્ત્ર ક્રાંતિના જનક પં. શ્યા.કૃ.વર્મા પુસ્તકનું વિમોચન કરાયું

## ક્રાંતિકારીઓના ગુરુ પં. શ્યામજી કૃષ્ણ વર્માની ૧૫૭મી જન્મજયંતિની મુંબઈમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



હિન્દુસ્તાનના ક્રાંતિકારીઓના ગુરુ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૫૭મી જન્મજયંતી ડોંબીવલી ખાતે ક્રાંતિકારી પં. શ્યામજી કૃષ્ણ વર્મા ન્યાસ તરફથી સાવિત્રીબાઈ ફુલે ઓડિટોરિયમ ખાતે દેશભક્તિના કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી મંગલભાઈ ભાનુશાલી દ્વારા લિખિત 'સશસ્ત્ર ક્રાંતિના જનક પં. શ્યા.કૃ. વર્મા' નામની પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક ત્રણ ભાષામાં પ્રકાશિત કરવામાં આવી છે. આ પુસ્તકનું વિમોચન શ્રી શંકરભાઈ વમોટીવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આ પુસ્તકના લેખક શ્રી મંગલ ભાનુશાલીએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, વીર સાવરકરે લખેલા તમામ સાહિત્યમાં મારા ગુરુ શ્યા. કૃ. વર્માનો ઉલ્લેખ કર્યો છે. જે મહારાષ્ટ્રની ધરતી પર શ્યામજીના વિદ્વતાપૂર્ણ ભારણો સાંભળી લોકમાન્ય તિલક, ગોપાલકૃષ્ણ ગોખલે વગેરે સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમના સાથી બન્યા હતા એવી મહારાષ્ટ્રની ભૂમી ઉપર આજે તેમની જન્મજયંતી નિમિત્તે મારા પુસ્તકનું વિમોચન તેમજ શ્યામજીને સલામી આપવા ન્યાસના અધ્યક્ષ શ્રી રવિન્દ્ર ચવ્હાણ અને તેમના સહકારીઓએ યથાર્થ પ્રયત્નો કર્યા છે તેમને હું ધન્યવાદ કરૂં છું.

પુસ્તકના લેખક શ્રી મંગલ ભાનુશાલીએ વધુમાં જણાવ્યું હતું કે, ન્યાસ તરફથી ૧૯૫૦માં છપાયેલ ઈન્દુલાલ યાજ્ઞિકની પુસ્તકનું પણ પુનઃપ્રકાશન તેમજ ડૉ. પી.જી. ભાનુશાલીના પુસ્તક 'મી ઈન્ડિયા હાઉસ બોલતો' છાપવા સાથે વીર સાવરકર અને શ્યામજીના જીવન ઉપર વિવિધ વ્યાખ્યાન માળાઓનું વિધાનસભ્ય શ્રી રવિન્દ્ર ચવ્હાણ દ્વારા આયોજન કરવામાં આવશે. જે ખરા અર્થમાં શહીદ ક્રાંતિકારીઓને માનવંદના હશે. આ કાર્યમાં ડોંબીવલીના યુવાન શ્રી મનીષભાઈ ભાનુશાલી સહયોગી છે.

વિધાનસભ્ય અને ન્યાસના પ્રમુખ શ્રી રવિન્દ્ર ચવ્હાણે જણાવ્યું હતું કે, શ્રી શ્યામજી કૃષ્ણ વર્માજીની સંસ્થા સ્થાપનાનો વિચાર મને ત્યારે આવ્યો જયારે મેં જાણ્યું કે,

(અનુ. પાન ૩ પર..)

'ક્રાંતિતીર્થ' ખાતે પં. શ્યામજી કૃષ્ણ વર્માની ૧૫૭મી જન્મજયંતિની ઉજવણી

## યુવાનોએ રાષ્ટ્રહિતને અગ્રિમતા આપી દેશ પ્રત્યેની પોતાની ફરજો અદા કરવી જોઈએ : અરવિંદ રાણા

ગત. તા. ૪થી ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ મહાન ક્રાંતિકારી પંડિતશ્રી શ્યામજી કૃષ્ણવર્માજીની ૧૫૭મી જન્મજયંતિની ઉજવણી દેશભક્તિ આધારિત વિવિધ કાર્યક્રમો દ્વારા ક્રાંતિતીર્થ ખાતે કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પં. શ્યામજી કૃષ્ણવર્માના જન્મસ્થળથી આવેલી સરસ્વતી શીશુ મંદિરની વિદ્યાર્થીઓની



ચેતના રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રેલીના વિદ્યાર્થીઓએ શ્રી કિર્તિચંદ્ર વાડીયાના અધ્યક્ષસ્થાને આયોજીત વૈદિક મહાસભાના હવન-યજ્ઞના કાર્યક્રમમાં ભાગ લઈને આહૂતિ અર્પી હતી. આ કાર્યક્રમમાં તક્ષશિલા વિદ્યાલય, પ્રાંતિજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ જોડાયા હતા. ઉપસ્થિત મહેમાનોએ પણ આ યજ્ઞમાં પોતાની આહૂતિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં અગ્નિપથ સાપ્તાહિકના તંત્રીશ્રી અરવિંદભાઈ રાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે વૈદિક મહાસભાના ગાંધીનગરના પ્રભારી વાનપ્રસ્થી શ્રી મહેનદ્રભાઈ ગાંધી પણ જોડાયા હતા. વિવિધ રાજકીય આગેવાનો, જીએમડીસી કેલ્સાઈન્ડ બોક્સાઈટ પ્રોજેક્ટ, ગઢશીશાના જનરલ મેનેજર (પ્રોજેક્ટ)શ્રી આર. એલ. ભટ્ટ, ડે. જનરલ મેનેજર શ્રી સોલ્વેજાઈગમ પિલ્લાઈ, આર્યસમાજ અને વૈદિક મહાસભાના પદાધિકારીઓ,





ભાઈઓ તથા બહેનો અને બાળકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વૈદિક મહાસભાની કુ. કિંજલ વાડીયા તથા કુ. જાગૃતિ વાડીયાએ સંસ્કૃતમાં સંગઠન સુક્ત રજુ કર્યું હતું. ક્રાંતિતીર્થના મેનેજર શ્રી મહેશભાઈ ગોસ્વામીએ સૌનુ સ્વાગત કરી ક્રાંતિતીર્થની વિગતો જણાવી હતી. આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાન શ્રી અરવિંદભાઈ રાણાએ હાજર રહેલા યુવાનોને રાષ્ટ્રહિતને અગ્રિમતા આપી દેશ માટે પોતાની ફરજો પ્રત્યે સભાનતા કેળવવા હાકલ કરી હતી. તેમણે અહિંસાની સાચી અને સ્પષ્ટ સમજ આપી વિદ્યાર્થીઓને કેટલાંક ઉદાહરણો ટાંકી માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચતમ મુલ્યો પ્રાપ્ત કરવા માટે દેવ ભાષા સંસ્કૃતનો અભ્યાસ કરવા અનુરોધ કરતાં કહ્યું હતું કે, સંસ્કૃત અને સંસ્કૃતિની વિશિષ્ટ છણાવટ કરી ભારત ભૂમિનું ગૌરવ જાળવવા અને હાલમાં દેશની સ્થિતિનું ચિત્રણ કરી તમામને પોતાની ફરજો પ્રત્યે સભાન કર્યા હતા.

ક્રાંતિતીર્થની રચના અને વિકાસમાં જેમનો સતત ફાળો છે તેવા શ્યામજી પ્રેમી અને મુરબ્બી શ્રી હિરજી કાકાનો પણ જન્મદિન હોઈ તેમનું પણ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. ક્રાંતિતીર્થ અને રીયાઝ અકેડમી દ્વારા દેશભક્તિ આધારિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન કુ. દર્શના નાકરે કર્યું હતું. જ્યારે સાંધ્ય કાર્યક્રમનું સંચાલન શ્રી મિતેષભાઈ મહેતાએ કર્યું હતું.

આર્યવન વિકાસ ફાર્મ, રોજડના સંસ્થાપક દિવંગત પ્રમુખ શ્રી ધનજીબાપા વેલાણીના ગામ મગોડીલાટ ખાતે

## રામાણી પરિવાર દ્વારા વૈદિક પ્રચારક શ્રી ચંદ્રેશજી આર્યની ચાર દિવસીય યોગ શિબિર યોજાવામાં આવી



મગોડીલાટ

ગાંધીધામ નિવાસી વૈદિક પ્રચારક શ્રી ચંદ્રેશજી આર્યની અધ્યક્ષતામાં તાજેતરમાં મગોડી લાટ ખાતે એક ચાર દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સવારે પાંચ વાગ્યે ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણની કક્ષામાં વૈદિક ધ્યાન દ્વારા ઈશ્વરની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસનાના કાર્યક્રમ ચાલતા હતા. ત્યાર બાદ દરરોજ સવારે ભારતીય આસનનો કાર્યક્રમ યોજાતો હતો. યજ્ઞ-હવન બાદ દરરોજ વૈદિક ઈશ્વર સંબંધી શંકાઓ અને ધ્યાન ઉપાસનામાં મનની એકાગ્રતાઈ ઈશ્વરનું સ્વરૂપ જેવી અનેકો શંકાઓનું સમાધાન શ્રી ચંદ્રેશજી આર્ય દ્વારા સરળ શૈલીમાં કરાવવામાં આવતું હતું.

માતાઓ અને બહેનોની એક વિશેષ કક્ષામાં ચંદ્રેશજીએ 'સંતાન નિર્માણમાં માતાનો ફાળો' એ વિષય પર સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કેવળ જન્મ આપી દેવા માત્રથી કોઈ માતા બની જતી નથી, કે કોઈ બાલ-પીળા કપડાં પહેરાવી દેવા માત્રથી કોઈ માતા બની જતી નથી. વૈદિક દ્રષ્ટિકોણથી માતા એ છે જે બાળકનું નિર્માણ કરે છે. બાળકના જીવનનું ઘડતર તો ગર્ભધાન સંસ્કારોથી જ પ્રારંભ થઈ જાય છે. આજના સંતાનો બગડી રહ્યા છે તેમાં માતા-પિતાનો પણ મોટો ફાળો છે. જુઠા, ખોટા લાડ-પ્યારથી સંતાનો બગડી જાય છે, ત્યારે માતા-પિતાએ સંતાનોના નિર્માણમાં સાવધાન અને સતર્ક રહેવું જોઈએ. ગૃહસ્થીઓ સ્વયં તપસ્વી અને સંયમી હશે તો જ તેમના બાળકોમાં સંસ્કાર સિંચન થશે. માટે માતાઓ એ સંસ્કાર સિંચન માટે પ્રથમ પ્રશિક્ષણ લેવું જોઈએ. પ્રશિક્ષીત માતા જ પોતાના બાળકનું નિર્માણ કરી

### પરિવારની એકતામાં સૌથી મોટો ફાળો સત્યાચરણનો છે : ચંદ્રેશજી આર્ય

શકે છે. આ ઉપરાંત શ્રી ચંદ્રેશજીએ 'પરિવારમાં એકતા અને સંગઠન' એ વિષય ઉપર સમજાવતાં કહ્યું હતું કે, પરિવારની એકતામાં સૌથી મોટો ફાળો સત્યાચરણનો છે. આજે અવૈદિક સમાજમાં પરિવારમાં રહેતા દરેક સદસ્યને બીજા સદસ્ય ઉપર વિશ્વાસ બિલકુલ નથી. પરસ્પર સદસ્યોમાં અવિશ્વાસનું મુળ કારણ છે અસત્યનું આચરણ. જે દરેક બુરાઈનું મૂળ છે. અસત્ય આચરણથી પરસ્પર વિશ્વાસનો સેતુ તૂટતો હોય છે. માટે પરિવારના દરેક સદસ્યએ પરસ્પર એક બીજા વચ્ચે અસત્યનો આશરો ક્યારેય પણ ન લેવો જોઈએ.

સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે શ્રી જગદિશભાઈ રામાણી, શ્રીમતી અરૂણાબેન રામાણી, શ્રી કિરણ રામાણી, અને શ્રીમતી ભાર્ગી રામાણી ખાસ નાસિકથી મગોડી લાટ પધાર્યા હતા. સ્થાનીકમાં શ્રી અમીન રામાણી અને શ્રીમતી જાગૃતિ રામાણી ઉપરાંત ભક્તિ રામાણી, પ્રગતિ વેલાણી અને સ્વાતિ માકાણી વિગેરેનો સારો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ગાંધીનગર જીલ્લા પોલીસ તથા રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા 'વર્કશોપ ઓન સ્ટ્રેસ મેનેજમેન્ટ'નું આયોજન કરાયું





ગાંધીનગર

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જીલ્લા પોલીસ તથા રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વર્કશોપ ઓન સ્ટ્રેસ મેનેજમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસના આ વર્કશોપમાં સર્વોત્કર્ષ સેવા સંસ્થાનૂના મેનેજીંગ ટ્રસ્ટી તથા રોટરી કલબના પૂર્વ પ્રમુખ વિષય નિષ્ણાંત શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

ગાંધીનગરના સેક્ટર-૧૩ સ્થિત આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતી ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ માટે આ વર્કશોપ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થી અવસ્થામાં તણાવ ઉત્પન્ન થવાના વિવિધ કારણો, આ કારણોને દૂર કરવાના ઉપાયો તેમજ પ્રાણાયામ અને ધ્યાનના માધ્યમથી તણાવમુક્ત કેવી રીતે રહેવું તેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. પ્રાણાયામ અને ધ્યાનનો ક્રિયાત્મક અભ્યાસ પણ કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન ઉદભવતા અનેક પ્રશ્નો જેવા કે, કોઈ વિષય ન ગમવો, ભણવામાં કંટાળો આવવો, ચાલુ વર્ગમાં ઉંઘ આવવી વગેરેનું સચોટ અને તાર્કિક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપના સમાપન સમારોહ પ્રસંગે રોટરી કલબના પ્રમુખ શ્રી પી. એસ. ગોહિલ, પૂર્વ આસી. ગવર્નર અમીબેન શાહ, પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર, પ્રેસિડન્ડ ઈલેક્ટ શ્રી યશવંતભાઈ જોષી, મનોજ સરૈયા, કિંજલબેન વગેરે ઉપરાંત શાળાના આચાર્ય શ્રીમતી કુસુમબેન ચૌહાણ મંચ ઉપર ઉપસ્થિત હતા.

સમાપન કાર્યક્રમનું સંચાલન ધોરણ નવમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. મહિમા પંડ્યાએ કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત તથા પ્રાસંગિક ઉદ્બોધન રોટરી કલબના પ્રમુખ શ્રી પી. એસ. ગોહિલે કરેલ જ્યારે અંતમાં શાળાના આચાર્યા શ્રીમતી કુસુમબહેને આભારાવિધિ કરી હતી.

तस्माद्धर्मं सहायार्थं नित्यं संचिनुयाच्छनैः ।
धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम् ॥
मनुस्मृति २४२(८०)

એટલા માટે પરલોક અર્થાત્ પરજન્મમાં સુખ અને આ જન્મની સહાયાર્થ નિત્ય ધર્મનો સંચય ધીરે-ધીરે કરતા જવો કેમ કે ધર્મની સહાયથી જ મોટા મોટા દુસ્તર દુઃખસાગરને જીવ તરી શકે છે.

**તંત્રી સ્થાનેથી....**

# હથિયાર સજાવીને રાખો અને સમય આવે તેનો ઉપયોગ કરો

દશેરા આવે એટલે દર વર્ષની જેમ બધા રાવણનાં પૂતળાને બાળી અસત્ય ઉપર સત્યનાં વિજયનો મહોત્સવ મનાવે. છેલ્લા કેટલાક વર્ષોથી દશેરાનાં દિવસે શસ્ત્રોની પૂજાની પરંપરા પણ વધતી જાય છે. ગુજરાતનાં મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ દશેરાના દિવસે શસ્ત્રોની પૂજા કરે છે. તેમનું જોઈને અનેક સંગઠનોએ આ પરંપરા શરૂ કરી દીધી છે.

શસ્ત્રોની પૂજા એટલે શું એ આપણા માટે વિચારણીય પ્રશ્ન છે. આપણે એવું માનીએ છીએ કે શસ્ત્રોને ટીલાં-ટપકાં કરી દેવાથી, તેને નમન કરી દેવાથી તેની પૂજા સંપન્ન થઈ ગઈ. આ અવૈદિક પૂજા પદ્ધતિ છે. શસ્ત્રોની વૈદિક પૂજા એટલે તેનો યથોચિત ઉપયોગ કરવો. શસ્ત્રોનું પ્રયોજન જ પ્રહાર કરવાનું છે. આજે દેશમાં આતંકવાદ, ભ્રષ્ટાચાર, વ્યભિચાર, અન્યાય, પક્ષપાત, શોષણ, પાખંડ દિનપ્રતિદિન તીવ્રતમ ગતિએ વધી રહ્યાં છે ત્યારે શસ્ત્રોને ટીલાં-ટપકાં કરી તેને નમન કરવાને બદલે તેનો ઉપયોગ કરવાની વધારે આવશ્યકતા છે. શસ્ત્રોનો યથાયોગ્ય ઉપયોગ કરી તેના માધ્યમથી દુષ્ટ, રાષ્ટ્રદ્રોહી, સમાજદ્રોહી, આતંકવાદી તત્વોનો સફાયો કરવાનો સંકલ્પ દશેરાના દિવસે લેવો જોઈએ. ચોમાસામાં યુદ્ધ કરવાનું અઘરું પડે એટલે ચોમાસા બાદ દશેરાનાં દિવસે શસ્ત્રોને પુનઃ સજ્જ કરીને તેનો ઉપયોગ કરવાનો પ્રારંભ કરવાનું પર્વ એટલે જ વિજયા દશમી. આ દિવસે શસ્ત્રોને પુનઃ ધારદાર કરી, તેની સાફ સફાઈ કરવાના હોય છે. જો કે હવે તો એવો સમય આવી ગયો છે કે હંમેશા શસ્ત્રો તૈયાર રાખવા પડે. સરકાર તો પ્રજાનું રક્ષણ કરવામાં આંશિકરીતે જ સફળ રહી છે. હવે પ્રજાએ સરકાર ઉપર ભરોસો રાખવાને બદલે પોતાની જાતે જ પોતાનું રક્ષણ કરવાનું શીખી લેવું પડશે. લાઠી, તલવારની સાથે સાથે બંદૂક અને મશીનગન જેવા હથિયારો સાથે રાખવા પડશે અને તેને ચલાવતા પણ શીખવા પડશે.

જે સમુદાય હથિયારો રાખીને તેનો સમય આવે ઉપયોગ કરવાનું ચુકી થશે તે નિશ્ચિતરૂપે નષ્ટ થશે. એ કહેવત અર્ધસત્ય છે કે સત્યની જ હંમેશા જીત થાય છે. હાં, ઈશ્વરનાં ન્યાયાલયમાં હંમેશા સત્યની જ જીત થાય છે, પરંતુ અહીં તો જે શક્તિશાળી હશે તે જ જીતશે. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવું હોય, સુખપૂર્વક જીવવું હોય તો હથિયાર સજાવીને રાખો અને સમય આવે તેનો ઉપયોગ કરો. આ જ વિજયા દશમીનો સંદેશ છે.

# મન તથા જ્ઞાનેન્દ્રિય જેટલી પવિત્ર હશે તેટલી કર્મેન્દ્રિય તથા શરીર પવિત્ર હશે

**ओ३म् वसोः पवित्रमसि शतधारं वसोः पवित्रमसि सहस्त्रधारम् । देवस्त्वा सविता पुनातु वसोः पवित्रेण शतधारेण सुप्वा कामधुक्षः ॥**

**( यजु. १-३ )**

અર્થઃ- જે યજ્ઞ(वसोः)યજ્ઞ (शतधारम्)અસંખ્યાત સંસારને ધારણ કરવા અને(पवित्रम्)શુદ્ધિ કરનારું કર્મ(असि)છે તથા જે(वसोः) યજ્ઞ(सहस्त्रधारम्) અનેક પ્રકારના બ્રહ્માંડને ધારણ કરનાર અને(पवित्रम्)શુદ્ધિન નિમિત્ત (असि) છે (त्वा) આ યજ્ઞને (देवः) સ્વયંપ્રકાશસ્વરુપ (सविता)વસુ આદિ તેત્રીસ દેવોને ઉત્પન્ન કરનાર પરમેશ્વર (पुनातु)પવિત્ર કરે. હે જગદીશ્વર! આપ અમારા લોકોથી સેવિત જે (वसोः)યજ્ઞ છે તે(पवित्रेण)શુદ્ધિના નિમિત્ત વેદના વિજ્ઞાન (शतधारेण)ઘણી વિદ્યાઓને ધારણ કરનાર વેદ અને (सुप्वा)સારી રીતે પવિત્ર કરનાર યજ્ઞથી આપણે બધાને પવિત્ર કરો. હે વિદ્વાન પુરુષ અથવા જાણવાની ઈચ્છા કરનાર મનુષ્ય! તૂ(काम्)વેદની શ્રેષ્ઠ વાણીઓમાંથી કઈ કઈ વાણીના અભિપ્રાયને (अधुक्षः)પોતાના મનમાં પૂરણ કરવા અર્થાત્ જાણવા ઈચ્છે છે.

ભાવાર્થઃ- જે મનુષ્ય પૂર્વોક્ત યજ્ઞનું સેવન કરી પવિત્ર બને છે તેને જ જગદીશ્વર ઘણું જ્ઞાન આપી અનેક પ્રકારના સુખ આપે છે, પરંતુ જે લોકો આવી ક્રિયાઓને કરનાર અને પરોપકારી હોય છે તે જ સુખને પ્રાપ્ત કરે છે, આળસ કરનાર કદી નહિ. આ મંત્રમાં કામધુક્ષઃ આ પદો દ્વારા વાણીના વિષયમાં પ્રશ્ન છે.

વ્યાખ્યા :-મંત્રના ઋષિ પૂર્વ મુજબ 'परमेष्ठी प्रजापति'છે. આ મંત્રનું જ્ઞાનામૃત પાન કરનાર બધાનો પ્રિય પ્રજાઓનો ઈષ્ટમિત્ર બની જાય છે. પરમપિતા પરમેશ્વર તો સદાય સર્વનો પ્રિય તથા પ્રજાઓનો ઈષ્ટમિત્ર છે જ કારણકે વેદ કહે છે -

**विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे ।**
**इन्द्रस्य युज्यः सखा ॥**

પરમેશ્વર જીવાત્માની સદાય સાથે રહેનારો મિત્ર છે. આ સર્વવ્યાપક પરમાત્માના ગુણકર્મસ્વભાવને જોનારો વિદ્વાન તે પરમેશ્વરીય ગુણોને પોતાની અંદર ધારણ કરતા ધર્માચરણથી યુક્ત રહે છે. ઈશ્વરપ્રીતિ વિના આને કરવાનું સામર્થ્ય પ્રાણીઓમાં નથી. પરમાત્માની જ ઉપાસનાથી આ સામર્થ્ય આપણને પ્રાપ્ત થાય છે.એ વાત તો સર્વવિદિત છે કે ઉપાસ્ય દેવના ગુણ ઉપાસકમાં આવે છે. ઓજ,વીર્ય, બળ, તેજ, અન્યાય પ્રત્યે વિરોધ=અન્યાયને નષ્ટ કરવાનું સામર્થ્ય, સહનશીલતા આદિ ગુણો ઉપાસકની યોગ્યતાનુસાર ઈશ્વર ઉપાસકને આપે છે. ત્યારે કોઈ વિશ્વામિત્ર બને છે, કોઈ વસિષ્ઠ બને છે,કોઈ પરમેષ્ઠી પ્રજાપતિ બને છે, એક શ્રીરામ બને છે,એક શ્રીકૃષ્ણ બને છે. પહેલાંથી જ કહેવામાં આવ્યું છે કે સૃષ્ટિવિજ્ઞાનને જાણ્યા વિના કોઈ જ્ઞાની નહીં બને,કોઈ ઋષિ નહીં બને, કોઈ યોગી નહીં બને. આટલું જ નહિ આના જાણ્યા વિના સાંસારિક જીવન પણ સારી રીતે નથી ચાલતું. આથી જ પરમેશ્વરે સૃષ્ટિની સાથોસાથ વેદવાણીને પણ પ્રકટ કરી. વેદવાણી વિના વ્યાવહારિક જીવન નહીં ચાલે.

## વેદવાણી

૧ - શ્રીવેણુગોપાલજી(દર્શનાચાર્ય)

મનુષ્યની બુદ્ધિ રજોગુણરુપી તથા તમોગુણરુપી મળથી જ્યારે ભ્રષ્ટ થવા લાગી ત્યારે પારદર્શી ઋષિઓએ અધ્યાપન પ્રક્રિયાને બદલી નાંખી. આના કારણે અનેકાનેક યજ્ઞ-યાગોનો આવિષ્કાર થયો તથા શિષ્યોને સૃષ્ટિ-રહસ્ય સમજાવ્યું. આનું વર્ણન ઈતિહાસમાં મળે છે. પ્રત્યેક યજ્ઞપ્રક્રિયા ઈશ્વરીય સૃષ્ટિપ્રક્રિયાની અનુકૃતિ=નકલ છે.

જ્ઞાન વિના કર્મ નહીં થાય અર્થાત્ કર્મ કરવા માટે જ્ઞાન અતિઆવશ્યક છે. જ્ઞાન અશુદ્ધ હશે તો કર્મ પણ અશુદ્ધ થશે. જ્ઞાન જેટલું શુદ્ધ હશે તેટલા કર્મ પવિત્ર બનશે. જ્ઞાનથી કર્મ. શુદ્ધ જ્ઞાનથી શુદ્ધ કર્મ. જ્ઞાનનું કારણ મન અને જ્ઞાનેન્દ્રિય છે. કર્મનું કારણ કર્મેન્દ્રિય તથા શરીર છે. મન તથા જ્ઞાનેન્દ્રિય જેટલી પવિત્ર હશે તેટલી કર્મેન્દ્રિય તથા શરીર પવિત્ર હશે. કારણ જ્યારે પવિત્ર થશે ત્યારે કાર્ય પણ પવિત્ર થઈ જશે.જે પોતાના જ્ઞાન અને કર્મને પવિત્ર બનાવવા ઈચ્છે છે તેઓ પોતાના મનઈન્દ્રિયાદિની શુદ્ધિ હમેશા કરતા રહે.

આ શુદ્ધિપ્રક્રિયાને સદાય કરતા રહેવાનું સામર્થ્ય પ્રાણી(મનુષ્ય)માં નથી. આથી પ્રાણી સર્વશક્તિમાન પરમેશ્વરની ઉપાસના કરી સામર્થ્યનું સંપાદન કરે છે.બીજા શબ્દોમાંએમ કહી શકાય કે શક્તિહીન (કમજોર) ઉપાસકને સર્વશક્ત ઉપાસ્ય(=ઈશ્વર) શક્તિ પ્રદાન કરે છે. આથી જ વેદ કહે છે -

**यज्ञ એટલા માટે પવિત્ર છે કે તે પવિત્ર પરમાત્માનું કર્મ છે. પરમાત્માના પવિત્ર કર્મનું નામ યજ્ઞ છે. આ યજ્ઞને સમજાવા અને સમજાવવા માટે જે કર્મ કરે છે તેને આપણે યજ્ઞ કહીએ છીએ.**

**तेजोऽसि तेजो मयि धेहि । वीर्यमसि वीर्यं मयि धेहि ।**
**बलमसिबलंमयि धेहि । ओजोस्योजोमयि धेहि ।**
**मन्युरसि मन्युंमयि धेहि । सहोऽसि सहोमयि धेहि ॥**
**( यजु.१९/९ )**

હે ઐશ્વર્યવાન ભગવન્ ! આપ તેજસ્વરુપ છો. મને પણ તેજસ્વી બનાવો=મારી અંદર પણ તેજનું આધાન કરો. આપ વીર્યવાન છો. મારામાં પણ વીર્યનું આધાન કરી વીર્યવાન બનાવો. આપ બળસ્વરુપ છો.મને પણ બળવાન બનાવો.આપ ઓજસ્વી છો. મને પણ ઓજસ્વી બનાવો. આપ સહનશીલ છો.મને પણ સહનશક્તિના આધાનથી સહનશીલ બનાવો.

યજ્ઞનો ઉદ્દેશ જ આ પ્રમાણે સંપૂર્ણ જીવનમાં પરિશુદ્ધ પવિત્રતા લાવવાનો છે. પવિત્ર બનાવવાનું સામર્થ્ય પવિત્રતામાં જ થશે. અપવિત્ર વસ્તુ કદી પણ અપવિત્ર વસ્તુને પવિત્ર બનાવી નથી શકતી. પરંતુ ઉલટું તે પવિત્રને પણ અપવિત્ર બનાવી દે છે. યજ્ઞ એટલા માટે જ પવિત્ર છે કે તે પવિત્ર પરમાત્માનું કર્મ છે. પરમાત્માના પવિત્ર કર્મનું નામ યજ્ઞ છે. આ યજ્ઞને સમજવા માટે=સમજાવવા માટે જે કર્મ કરે છે તેને આપણે યજ્ઞ કહીએ છીએ. સૃષ્ટિમાં થતી યજ્ઞપ્રક્રિયા અસંખ્ય છે આથી તે 'શતધારમ્' છે. માનવનું વ્યાવહારિક જીવન પણ આ રીતે વિવિધ પ્રકારે યજ્ઞકર્મોથી પરિપૂર્ણ છે. અનેક પ્રકારના કર્મોના સમુદાયનું નામ જીવન છે.આ કર્મ જયારે શુદ્ધ બનશે ત્યારે આપણે આપણા જીવનને શુદ્ધ અને પવિત્ર બનાવી શકીશું.અશુદ્ધ કર્મોના સમુદાયને અશુદ્ધજીવન અથવા અપવિત્રજીવન કહેવાય છે.

(ક્રમશઃ)

# આચાર્ય જ્ઞાનેશ્વરજીનો ઈંગ્લેન્ડથી પ્રેરણાસભર પત્ર- ૨

घसीटने पर मजबूर हो गये हैं। संयोगवशात् स्वतंत्रता मिली, किन्तु प्रशासन के अनुभवों से रहित, पक्षपाती, स्वार्थी, सत्ता लोभी, तिकड़म बाज, झूठ-छल-कपट का प्रयोग करने वाले, आत्म बल से रहित, अधार्मिक, नास्तिक सत्ताधीशों से राष्ट्र का जो विकास; शिक्षा, स्वास्थ्य, सम्पत्ति, चरित्र, आदि गुणों से होना चाहिए था, वह अब तक नहीं हो पाया, इसे दुर्भाग्य नहीं कहना चाहिए, यह हमारे पूर्वजों के कर्मों का परिणाम तथा प्रभाव है।

○ उत्तम भौगोलिक स्थिति, प्राकृतिक सम्पदा, आदर्श धार्मिक, साँस्कृतिक, ऐतिहासिक परम्पराओं के होते हुवे भी आज आर्यावर्त में अनेक क्षेत्रों में पिछड़ापन है, उसमें निम्न कारण मुख्य है, जिन्हें दूर करना चाहिए ऐसा मैं समझ पाया हूँ। 'अपूर्ण, अस्पष्ट, विसंगत, विरोधाभासी, पक्षपात युक्त संविधान', 'महंगी, जटिल, दीर्घसूत्री न्याय व्यवस्था', 'क्षेत्रिय हितों वाली अनेक राजनैतिक पार्टियां', 'शिक्षा संस्थानों में त्याग-तपस्या-ईश्वरविश्वास, सामाजिक, राष्ट्रीय सेवा की भावना को उत्पन्न न करना', 'असमर्थ, अयोग्य व्यक्तियों द्वारा अधिक सन्तानों को उत्पन्न करना', 'अश्लील, अभद्र अशिष्ट चलचित्रों का निर्माण', 'मांस भक्षण, मादक द्रव्यों का सेवन करने हेतु प्रोत्साहन करना', 'ढोंगी, पाखण्डी, धूर्त, चालाक, धर्मध्वजी बाबाओं पर प्रतिबंध न कर पाना', 'फलित ज्योतिष, भविष्य फल, मुहूर्त, शकुन, तन्त्र, मन्त्र, यन्त्र जन्मपत्री आदि अंधविश्वासों को न रोकना', 'नये नये मत, पंथ, सम्प्रदायों गुरुडमों, देवी देवताओं का प्रादुर्भाव होना', 'अयोग्यों की महत्वपूर्ण पदों पर आरक्षण द्वारा नियुक्ति', 'गौ आदि पशुओं का वध', 'विषय भोगों को प्रोत्साहित करने वाली विदेशी कम्पनियों का आगमन', 'सह शिक्षा', 'प्राचीन गौरव युक्त इतिहास का ज्ञान न कराना', 'आंग्लभाषा को अनिवार्य पढ़ाना' इत्यादि ऐसे महत्वपूर्ण विषय हैं, जिनके ऊपर शीघ्र कार्यवाही करनी चाहिए।

○ हे निराकार सर्वज्ञ, सर्वव्यापक, कर्मों के साक्षी तथा फल प्रदाता प्रभो। आपसे प्रेरणा प्राप्त करके वैदिक धर्म का पुनरुद्धार करने हेतु ऋषि दयानन्द ने समग्र विश्व में क्रान्ति करने हेतु आर्य समाज रूपी आन्दोलन चलाया था, वह आज शिथिल हो गया है, ऊपर से नीचे तक संगठन विच्छिन्न हो गये हैं। आचार संहिता, विधिविधान, अनुशासन का परिपालन समाप्त होता जा रहा है। सर्वत्र मतभेद, ईर्ष्या-द्वेष, विवाद झगड़े, मुकदमें बाजी, स्वार्थपूर्ति की प्रवृत्तियाँ बढ़ती ही जा रही हैं। जन सामान्य के मनों में निराशा व्याप्त हो गयी है और भविष्य अंधकारमय प्रतीत हो रहा है। समाज का लाभ विश्व तक पहुंचाना था वह व्यक्तिगत रह गया है। हे देव अब तो आप ही उद्धार करो, सद्बुद्धि, साहस, बल देकर स्वामी दयानन्द जी के स्वप्न साकार करो- "भगवान् आर्यों को ऐसी लगन लगा दे; वैदिक धर्म की खातिर मरना इन्हें सीखा दें" यही प्रार्थना है इसे आप ही पूरा करा सकते हैं - ज्ञानेश्वरार्य.

ओ३म् **अग्निपथ** ओ३म्

अस्माकं वीरा उत्तरे भवन्तु

अस्माकं वीरा उत्तरे भवन्तु

# મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન વિશેષાંક

સાદર નમસ્તે.

આપ જાણો છો તેમ અગ્નિપથ છેલ્લા ૧૪ વર્ષથી વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે યથાસંભવ પ્રયત્નો કરી રહ્યું છે. કોઈપણ અખબાર જાહેરાત વગર ચાલી શકે નહીં. પરંતુ અગ્નિપથ સાપ્તાહિક અખબાર હોવા છતાં તેમાં સામાન્યરીતે જાહેરાતો લેવામાં આવતી નથી. ઘણી વખત **આપ આર્યસમાજના કાર્યક્રમોની જાહેરાતો જોવો છે તે તદ્દન નિઃશુલ્ક છાપવામાં આવે છે.** આમ અગ્નિપથ વૈદિક ધર્મ અને આર્યસમાજના પ્રચાર-પ્રસારનું કાર્ય છેલ્લા ૧૪ વર્ષોથી સફળતાપૂર્વક કરી રહ્યું છે.

અગ્નિપથ દ્વારા નિયમિત પ્રકાશિત થતા અંકોમાં સામાન્યરીતે વ્યવસાયિક જાહેરખબર લેવામાં આવતી નથી જેનાથી આપ સુપરિચિત છો. વર્ષમાં એકાદ બે વિશેષાંકોના પ્રકાશન દ્વારા જ આર્થિક પૂર્તતા કરવાનો તથા અખબારની મહત્તમ જગ્યા ઉપયોગી સમાચારો તથા જીવન નિર્માણમાં સહાયક લેખો દ્વારા ભરવાનો અમારો પ્રયાસ રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે.

આ વર્ષે મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે આગામી **૩૧મી ઓક્ટોબર** તથા **૭મી નવેમ્બર**નાં રોજ બે વિશેષાંકો પ્રકાશિત કરવામાં આવનાર છે. પરમાત્માની અસીમ કૃપાથી અને આપના પુરૂષાર્થથી આપ આર્થિક રીતે સંપન્ન છો અને ધાર્મિક, સામાજિક, સેવાકીય કાર્યોમાં સહયોગ પણ પ્રદાન કરો છો. અમને આશા અને વિશ્વાસ છે કે વર્ષમાં એકવખત આપનો વ્યક્તિગત સહયોગ અમને મળી રહેશે.

જાહેરાતની રકમ રોકડમાં, એટપારનાં ચેકથી, **અગ્નિપથ** ના નામના પેયેબલ એટ ગાંધીનગરના ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા તો AGNIPATH A/c No. 24640200000387 Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagarના ખાતામાં જમા કરાવી શકો છો. જાહેરાતની મેટર સાથે અગ્નિપથનાં કાર્યાલયે પ્લોટ નં. : ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર પીન. ૩૮૨૦૨૧ ખાતે આપ મોકલાવી શકો છો.

**જાહેરાતના દર**

| | |
|---|---|
| ૨ x ૧૦ | રૂા. ૧,૦૦૦/- |
| ૪ x ૧૦ | રૂા. ૨,૦૦૦/- |
| ૧/૪ પાનું | રૂા. ૫,૦૦૦/- |
| ૧/૨ (અડધુ પાનુ) | રૂા. ૧૦,૦૦૦/- |
| આખું પાનું | રૂા. ૨૦,૦૦૦/- |

**વધુ વિગતો માટે સંપર્ક : હરીશ રાણા (૦૯૪૨૮૪ ૨૨૨૮૬)**

સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરુકુલ, ભવાનીપુરમાં બ્ર. દિનેશજીનું ભવ્ય સ્વાગત

# ગુરુકુલના ઉજ્જવળ ભવિષ્ય અને વિકાસ માટે ટ્રસ્ટી મંડળ સાથે મુલાકાત

ભવાનીપુર

દર્શનયોગ મહાવિદ્યાલય, રોજડના દાર્શનિક ઉપદેશક અને ગુજરાતી ભાષામાં ઉપ્દેશ આપતા વૈદિક પ્રવક્તા બ્ર. દિનેશકુમારજીએ તાજેતરમાં સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરુકુલની મુલાકાત લીધી હતી. ગુરુકુલ પરિવાર દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુરુકુલના આચાર્ય સ્વામી શાંતાનંદજી દ્વારા એમને શાલ અને વૈદિક સાહિત્ય ભેંટ આપીને સન્માનવામાં આવ્યા હતા.

બ્ર. દિનેશજીએ પણ ગૌશાળા, જીમ (આધુનિક વ્યાયામ શાળા) વગેરેનું નિરિક્ષણ કર્યા બાદ યજ્ઞશાળાની મુલાકાત લીધી હતી. અને યજ્ઞશાળામાં ગુરુકુલના બ્રહ્મચારીઓને યજ્ઞોપદેશ આપ્યો હતો. નાના વિદ્યાર્થીઓમાં કેવા પ્રકારના આદર્શ ગુણો હોવા જોઈએ તે તેમણે અનેક દ્રષ્ટાંતો આપીને સમજાવ્યું હતું. આ ઉપરાંત તેમણે મોટા બ્રહ્મચારીઓને કઠોપનિષદના પાઠ ભણાવ્યા હતા. અને સ્વાસ્થ્ય સંબંબધી મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, દર્શનયોગ મહાવિદ્યાલયમાં અધ્યયન સમયમાં સ્વામી શાંતાનંદજી સાથે ઘણાં લાંબા સમય સુધી રહેનાર બ્ર. દિનેશશજીએ ગુરુકુલ ભવાનીપર ના ઉજ્જવળ ભવિષ્ય માટે સ્વામીજીને અનેકો સુજાવ આપ્યા હતા અને ગુરુકુલના વિકાસ માટે ટ્રસ્ટી શ્રિ ખીમજીબાપા સાથે



મહત્વપૂર્ણ ચર્ચાઓ કરી હતી. આ ઉપરાંત તેમણે ગુરુકુલના મુખ્ય ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાલી સાથે પણ આ સંબંધે ચર્ચા કરી હતી.

કચ્છના ભવાનીપર ખાતે આવેલી સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુલની મુલાકાત અવારનવાર વૈદિક વિદ્વાનો દ્વારા લેવામાં આવે છે અને ગુરુકુલમાં અભ્યાસ કરતાં બ્રહ્મચારીઓને તેનો લાભ મળી રહ્યો છે.

અગ્નિપથ

अस्माकं वीरा उत्तरे भवन्तु

વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-
આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

# જે જે વસ્તુ અવયવોના સંયોગથી બની છે, તોડવાથી તૂટે છે અને બનાવવાથી બને છે, તે વસ્તુ જડ છે

**સત્યોપદેશ**

ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૧૫



૨૯ સત્ય અને અસત્યનો નિશ્ચય કરવાની કસોટીઓ -

૦૬ સૃષ્ટિક્રમ - સૃષ્ટિનો આ નિયમ છે - જે ઉત્પન્ન થાય છે તે સમાપ્ત પણ જઈ જાય છે, કારણ કે તે સંયોગજન્ય છે. જેમાં સંયોગ થાય છે તેમાં વિયોગ પણ હશે જ. તેથી જન્મ-મૃત્યુ, સુખ-દુઃખ એ સર્વ સૃષ્ટિમાં અનિવાર્ય છે. એમ જાણવું,માનવું કે સૃષ્ટિ જડ છે, ઈશ્વરે તેને બનાવી છે, એ સત્ય છે. આ સૃષ્ટિ કેવળ ધર્મ-અર્થ-કામ-મોક્ષની સિદ્ધિ અર્થે ઉપયોગ કરવાને માટે આપણને દીધી છે તેથી તેને અનુકૂળ જ આચરણ કરવું. જે જે નિયમો ઈશ્વરે સૃષ્ટિને માટે બનાવ્યા છે તે તે નિયમોનું પાલન કરતાં કરતાં જ તેવું આચરણ કરવું, આ સત્ય છે અને આનાથી વિપરીત અસત્ય છે.

૦૭ સુષ્ટિની કોઈ પણ વસ્તુ એવી નથી કે જે સદા રહેશે. કારણ કે સત્વ, રજ, તમ, પરિવર્તનશીલ હોવાથી તેનાથી બનેલી પ્રત્યેક વસ્તુ પણ પરિવર્તનશીલ છે જેના કારણે તે વસ્તુ સ્થિર રહી શકતી નથી, અંતે સમાપ્ત જ થશે.

૦૮ સૃષ્ટિની કોઈ પણ વસ્તુનો સર્વદા અભાવ નહીં થાય બલ્કિ તે પોતાની સૂક્ષ્મ અવસ્થામાં ચાલી જશે. પરંતુ તે જ વસ્તુ એકવાર સમાપ્ત થઈ ફરી તેના પરમાણુઓથી તે જ વસ્તુ બની શકતી નથી.

૦૯ જે જે વસ્તુ અવયવોના સંયોગથી બની છે, તોડવાથી તૂટે છે અને બનાવવાથી બને છે, તે વસ્તુ જડ છે.

૧૦ કેવું કાર્ય ક્યારે કરવું, કેટલું, શા માટે કરવું, આ સર્વ સત્યાસત્યને જાણવાની અંતર્ગત છે. કર્મફળને જાણવાથી આ નિયમની ખબર પડશે કે આ અમુક કાર્યને ક્યારે કરવાથી શું, કેવી રીતે સારું કે ખરાબ ફળ મળશે, તેથી કર્મફળનું અનુમાન કરવું જોઈએ. જેમ કે ઉપાસના કાળમાં જો ઉપાસના સિવાય અન્ય વિચાર ઉઠાવીએ તો આ ધર્મનું પાલન ન ગણી શકાય, તેનાથી હિંસા થશે અને ઈશ્વર પ્રત્યે આ પ્રકારે અનુચિત વ્યવહારથી તેનો ભયાનક દંડ પણ મળશે.

૩૦ શું વિચારવું, શું જોવું, શું સાંભળવું આ શ્રવણ-મનન-નિદિધ્યાસન-સાક્ષાત્કાર થાય ત્યાં સુધી સત્યાસત્યનું ક્ષેત્ર છે. તેથી વ્યર્થ ન બોલવું, ન સાંભળવું, ન જોવું, અન્યથા જીવન સુધરશે નહીં. યોગી બનવાની વાત તો દૂર રહી, એક સારો મનુષ્ય પણ નહીં બની શકીએ.

૩૧. ઉપાસનામાં મનને અહીં-તહીં વિષયોમાં જ્યાં પણ લઈ જઈએ છીએ, ત્યાં ઈશ્વર સર્વવ્યાપક હોવાથી તેને જાણ થઈ જાય છે. વ્યક્તિને આ ભ્રાંતિ થાય છે કે હું ઈશ્વરની સત્તાથી બહાર છું. આ મિથ્યા ધારણા છે. ઈશ્વર હર ક્ષણ આપણને જોઈ, જાણી, સાંભળી રહ્યા છે. આ પ્રકારે જાણીને જ વ્યક્તિએ સમર્પણ કરવું જોઈએ. પરંતુ જો તેમ ન કરીએ તો તેનો અર્થ એ થયો કે આપણે ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા માંગતા નથી.

૩૨ ઈશ્વરોપાસના, ધ્યાન સ્વાધ્યાય, સત્સંગ, આત્મનિરિક્ષણ આદિ એવાં કાર્ય છે કે જેમાં ઉત્સાહ વધતો રહે છે. તેથી નિરાશ ન થવું જોઈએ કે પુરાણા અભ્યાસને કારણે સંસ્કાર બાધિત કરે છે. અને સારા સંસ્કાર કમ છે. પરંતુ કલેશમુક્ત થવા અત્યંત પુરુષાર્થ કરવો જ પડશે. એષણાઓનો સ્વેચ્છાએ ત્યાગ કરવો જ પડશે, અન્યથા યા તો મૃત્યુ અથવા અન્ય કોઈ વસ્તુ પરાણે છોડાવી દેશે. જેમ સાંખ્ય દર્શનમાં કહ્યું છે -શ્યેનવત્ સુખદુઃખી ત્યાગ-વિયોગાભ્યામ્ ॥ (૪/૫)

૩૩ ઉપસ્થિતિને છોડવી, અનુપસ્થિતિને પકડવી - આ ન્યાય અનુસાર જે ઈશ્વર સદા આપણી પાસે છે, તેને છોડી દઈએ છીએ, વ્યર્થ સાંસારિક વસ્તુઓ અને વિચારોને પકડી રાખીએ છીએ. જ્યારે આપણે શ્રેષ્ઠ વસ્તુને છોડી દઈએ છીએ ત્યારે ત્યાં ગૌણ-નિકૃષ્ઠને ગ્રહણ કરી લઈએ છીએ. આ આપણી અજ્ઞાનતા છે.

૩૪ શું કોઈ એવું સાધન-ઉપાય છે કે જેનાથી શરીર સદા જીવીત રહે ? આજ કોઈ એવું છે જેનું શરીર સદીઓથી ચાલ્યું આવ્યું છે ? કોઈ નથી. જો સૂક્ષ્મતાથી જોવામાં આવે તો ખબર પડી જશે કે આપણે એ નથી જાણતા કે આગલી ક્ષણે આપણે જીવીત રહીશું કે કેમ ? કોણ જાણે કઈ ઘટનાથી આ શરીર ચાલ્યું જાય. જો આ પ્રકારે ન પણ જાય તો સ્વાભાવિક મૃત્યુ તો નિશ્ચિત જ છે. આ પ્રકારે સમસ્ત શરીરો મરશે. વર્તમાનમાં જે વ્યવહાર થઈ રહ્યો છે તે શરીરને કારણે જ છે. શરીર જ ન રહે તો આ રાગ-દ્વેષ પણ નહીં રહે. તો જ્યારે કોઈ રહેશે જ નહીં તો રાગ-દ્વેષ કરવો શું કામનો ? સામેવાળો આપણા જેવો જ આત્મા છે. આત્મરૂપમાં તો આપણે એકબીજાને જાણી પણ શકતાં નથી. જો સર્વ ઈશ્વરનાં પુત્રો છીએ તો શરીરની દ્રષ્ટિથી સર્વ ભાઈ-ભાઈ જ છે. ઈશ્વરાજ્ઞાનુસાર તેને પોતાના આત્મા તુલ્ય માનવો પડશે. અન્યથા રાગ-દ્વેષ થઈ મુક્તિ પણ થશે નહીં.

(ક્રમશઃ)

અભૂતપૂર્વ.... અદ્‌ભૂત.... અભૂતપૂર્વ.... અદ્‌ભૂત

વ્યવસાયીક જાહેરાતો પાછળ આંધળી દોટ મૂક્તા અખબારો વચ્ચે જાહેરાતને ગૌણ ગણી માનવ ઉત્થાનની દિશા દર્શાવતું અગ્નિપથ ખરેખર અભૂતપૂર્વ અને અદ્‌ભૂત કાર્ય કરી રહ્યું છે. આ માટે સર્વોત્કર્ષ સેવા સંસ્થાન અને તેની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

રાજકીય હોય, સામાજીક હોય, ધાર્મિક હોય કે પછી આધ્યાત્મિક હોય બધા પ્રકારનાં લેખોમાં નવીનતા મુખ્ય આકર્ષણ ઉભું કરે છે. માત્ર સમસ્યા જ નહીં પણ તેનું સમાધાન કેવી રીતે થાય તેનું માર્ગદર્શન આપતા સંપાદકિય ખરેખર અદ્‌ભૂત છે.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા કિશોરાવસ્થાનાં યુવક-યુવતિઓ માટે સ્મૃતિ અને પ્રતિભા વિકાસ શિબિરોનું આયોજન અત્યંત ફળદાયી છે. ઋષિકૃત ગ્રંથોને આધારે યોજાતી આવી શિબિરોનાં માધ્યમથી હજારો બાળકોની આપણી સભ્યતા, સંસ્કૃતિ અને જ્ઞાનનાં વારસા પ્રત્યે પુનઃ આસ્થા દૃઢ બની છે. યુવકોમાં વૈદિક સંસ્કારોનું સિંચન કરતી આવી શિબિરોનાં નવતર પ્રયોગ પ્રસંશનીય છે.

પાવન સ્મૃતિ | વૈદિક મહાસભા | શુભેચ્છક

મોહનલાલ ગાંગજીભાઈ ચાવડા
પ્રેમકુંવરબેન મોહનલાલ ચાવડા
રમાબેન જેઠાલાલ ચાવડા
ભૂપતભાઈ મોહનલાલ ચાવડા ની
પાવન સ્મૃતિમાં શુભેચ્છા સહ.....

જેઠાલાલ મોહનલાલ ચાવડા (સંરક્ષક, વૈદિક મહાસભા)
પ્રવિણભાઈ મોહનલાલ ચાવડા
સુરેશચંદ્ર મોહનલાલ ચાવડા (પ્રમુખ, વૈદિક મહાસભા)
શ્રીમતી લીનાબેન સુરેશચંદ્ર ચાવડા
શ્રીમતી ચંદ્રીકાબેન સુરેશચંદ્ર ચાવડા

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com